## સુવિશાળ મુનિગણસર્જક, વાત્સલ્યમૂર્તિ, સિદ્ધાંતમહોદધિ
## પૂજ્યપાદ આચાર્યભગવંત
# શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ

❀ જન્મ : વિ. સં. ૧૯૪૦ ફાગણ સુદ ૧૫, નાંદિયા તીર્થ.
❀ વતન : પિંડવાડા, કર્મભૂમિ : વ્યારા.
❀ દીક્ષા : સં. ૧૯૪૭ કારતક વદ ૬, પાલીતાણા.
❀ ગણિપદ : સં. ૧૯૭૬ ફાગણ વદ ૬, ડભોઈ.
❀ પંન્યાસપદ : સં. ૧૯૮૧ ફાગણ વદ ૬, અમદાવાદ.
❀ ઉપાધ્યાયપદ : સં. ૧૯૮૭ કારતક વદ ૩, મુંબઈ.
❀ આચાર્યપદ : સં. ૧૯૯૧ ચૈત્ર સુદ ૧૪, રાધનપુર.
❀ સ્વર્ગવાસ : સં. ૨૦૧૪ વૈશાખ વદ ૧૧, ખંભાત.

આકાશમાં સૂર્યોદય થતાં જ કમળો વિકસ્વર થાય છે, તેવી જ રીતે, જૈનશાસનમાં તીર્થંકર ભગવંતો તથા આચાર્યદેવોનો ઉદય થતાં ભવ્યાત્માઓ રૂપી કમળો વિકસ્વર થાય છે. તે ભવ્ય કમળોને વિકસ્વર કરનાર, ચારિત્રના પ્રકાશને વિશ્વમાં પાથરનાર, વિક્રમની વીસમી સદીના ઉત્તરાર્ધ અને એકવીસમી સદીના પ્રારંભમાં ઊગેલ એ સૂર્ય એટલે સિદ્ધાંત મહોદધિ પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ. ભગવાન મહાવીર પરમાત્માની હયાતીમાં તેમના ભાઈ નંદિવર્ધને ભરાવેલ પ્રભુ મહાવીરનાં પ્રતિમાજી જીવતસ્વામી તરીકે આજે પણ રાજસ્થાનના નાંદિયા તીર્થમાં બિરાજમાન છે. આવા મહાન તીર્થમાં પિંડવાડા (જિ. શિરોહી)ના સદ્‌ગૃહસ્થ ભગવાનભાઈનાં શીલસંપન્ન ધર્મપત્ની કંકુબાઈની કુક્ષિએ એક પુત્રરત્નનો જન્મ થયો. પુત્રનું નામ પ્રેમચંદ સ્થાપન થયું. એ સમયને અનુરૂપ વ્યાવહારિક શિક્ષણ લઈ ને તેઓ વ્યવસાયાર્થે ગુજરાતમાં વ્યારા (જિ. સુરત) મુકામે આવ્યા. ગામમાં વિહારમાં આવતા-જતા મુનિમહારાજોની સેવા કરતાં પ્રેમચંદજીને સ્વયં દીક્ષા લેવાના ભાવ જાગ્યા. એક વાર વ્યારાથી નીકળી રેલવેમાં બેસી ગયા, પણ ખબર પડતાં જ મોહાધીન સંબંધીઓ તેમને પાછા લઈ ગયા. થોડા દિવસમાં ફરી તક મળતાં વ્યારાથી સવારે ચાલવા માંડ્યું. ૩૬ માઈલ (લગભગ ૫૭ કિ. મી.) પગપાળા ચાલીને સાંજે સુરત પહોંચ્યા. ત્યાંથી વાહન દ્વારા પાલીતાણા પહોંચ્યા. પૂ. ઉપાધ્યાયજી શ્રી વીરવિજયજી મહારાજ તથા પૂ. મુનિશ્રી દાનવિજયજી મહારાજની નિશ્રા સ્વીકારી. સંયમયોગ્ય તાલીમ લીધી. ચાતુર્માસ પૂર્ણ થયે સં. ૧૯૫૭ના કારતક વદ ૬ને શુભ દિવસે અનંત સિદ્ધોથી પવિત્ર થયેલ શત્રુંજય મહાગિરિની તળેટીમાં, અન્ય ચાર મુમુક્ષુઓ સાથે પૂ. ઉપાધ્યાયજી મહારાજના શુભ હસ્તે ચારિત્રને પામી મુનિશ્રી દાનવિજયજી મહારાજના શિષ્ય મુનિશ્રી પ્રેમવિજયજી બન્યા. પૂર્વભવની સાધનાના બળે નિર્મળ ચારિત્રના સંસ્કાર હતા જ; તેમાં ઉત્તમ ગુરુદેવોનો યોગ મળતાં સંયમની સાધના પ્રબળ બનવા માંડી. પ્રથમ વિનય ગુણની સાધનામાં ગુરુની ઇચ્છાને પોતાની ઇચ્છા બનાવી.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

ઇંગિત અને આકાર પરથી ગુરુના હૃદયના ભાવને જાણીને તે મુજબ ભક્તિ કરવા લાગ્યા. સાથોસાથ વૈયાવચ્ચ, સ્વાધ્યાય, નિર્દોષ ગોચરીચર્યા, નિત્ય એકાશન, ઉગ્ર વિહારો, ઉગ્ર ત્યાગ, નિઃસ્પૃહતા, ગીતાર્થપણું ઇત્યાદિ અનેક પ્રકારની સાધના દ્વારા મુનિશ્રી પ્રેમવિજયજી ગુરુદેવના હૃદયમાં સ્થાન પામી ધન્યાતિધન્ય બની ગયા. શાસ્ત્રમાં કહ્યું છે કે, જે પોતાના હૃદયમાં ગુરુને સ્થાપન કરે છે તે ધન્ય છે; જે ગુરુના હૃદયમાં સ્થાન મેળવે છે તે ધન્યાતિધન્ય છે.

આજના કમ્પ્યુટરના જમાનામાં અગાધ સાગરનાં જલબિંદુઓ કદાચ ગણી શકાય; પરંતુ સંયમૈકનિષ્ઠ ગુરુદેવના ગુણગણની ગણતરી થઈ શકે તેમ નથી. તેથી જ અહીં માત્ર તેઓશ્રીના થોડા ધ્યાનપાત્ર ગુણો જ યાદ કરીને સર્વ ગુણોની અનુમોદના કરીએ.

**ગ્લાનસેવા** : શ્રેષ્ઠ વિનયના સ્વામી શ્રી પ્રેમવિજયજી મહારાજ સહવર્તી ગુરુબંધુઓ તથા અન્ય મુનિવરોની સેવામાં પણ એક્કા હતા. દરરોજ ઉભયટંક ગોચરી પોતે જ જતા. ગુરુભગવંતની સેવામાં સતત જાગૃત રહેતા. ગ્લાન મુનિઓની સેવાને તો તેઓશ્રીએ જીવનમંત્ર બનાવેલો. કેમકે, '**जो गिलाणं पडिसेवइ सो मं पडिसेवइ** । અર્થાત્, જે ગ્લાન મુનિઓની સેવા કરે છે તે મને સેવે છે.' એવો શાસ્ત્રપાઠ પૂજ્યશ્રીના હૃદયમાં જીવંતપણે અંકિત થઈ ગયો હતો. પોતાની મુનિ અવસ્થામાં સ્વયં ક્યાંય કોઈ મુનિના ગ્લાનિપણાની વાત સાંભળતાં જ ત્યાં પહોંચી જતા અને તરત જ સેવામાં લાગી જતા. સૂરિપદ પર પહોંચ્યા પછી પણ તેઓશ્રી પોતાના મુનિમહારાજોને મોકલીને પણ ગ્લાનની સેવા કરાવતા. ગ્લાનસેવામાં તેઓશ્રી સ્વસમુદાય–પરસમુદાયનો ભેદ રાખતા નહીં. સ્વયં પોતાની આચાર્યપદવીના પ્રસંગે પણ પોતે ગ્લાનમુનિના ઔષધાદિ માટે પાટણ રોકાયેલા. ત્યાંથી ગુરુદેવે તેઓશ્રીને પદવીદાનની અજાણમાં રાખી, તાત્કાલિક રાધનપુર બોલાવી પરાણે આચાર્યપદથી વિભૂષિત કરેલા.

**શ્રુતસાધના** : ગુરુવિનય અને વૈયાવચ્ચમાં ઓતપ્રોત પૂજ્યશ્રી શ્રુતસાધનામાં પણ પાછળ ન હતા. ગુરુનિશ્રામાં રહીને તેઓશ્રીએ વ્યાકરણ, ન્યાય, સાહિત્ય, પ્રકરણ, કર્મગ્રંથ આદિનો અભ્યાસ કરીને આગમોનું વાચન અને ઊંડું પરિશીલન કર્યું. છેદસૂત્રોને વારંવાર વાંચ્યાં. ઉપરાંત, અનેક મુનિવરોને પ્રકરણ–કર્મગ્રંથાદિનાં અધ્યયન કરાવ્યાં, આગમોની વાચના આપી. યોગ્ય અધિકારપ્રાપ્ત સાધુઓને છેદ સૂત્રોનાં પરિશીલનથી જ સંપૂર્ણ ગીતાર્થપણું આવે છે એ તેઓશ્રી બરાબર જાણતા અને તેથી જ સુયોગ્ય આત્માઓને તેનો અભ્યાસ કરાવવા જાતે ખૂબ પરિશ્રમ કરતા. પૂજ્યશ્રીની વિશેષતા એ હતી કે પોતે શુદ્ધ સંયમના અત્યંત ખપી હતા. તેથી શાસ્ત્રોમાં સંયમને લગતી જે જે વાતો વાંચતા, તેમાંની બધી જ શક્ય વાતોને અમલમાં મૂકવા પ્રયત્નશીલ રહેતા. નિત્ય એકાસણાં, બપોરે ગોચરી પછી ગમે તેવી તપેલી સડક પર ચાલતાં ચાલતાં દૂર દૂર નિહારભૂમિ ( સ્થંડિલ ) જવાનું, ગોચરીના બેંતાલીશ દોષ અને માંડલીના પાંચ દોષોનું વર્જન, વિહારમાં જૈનોનાં ઘર અલ્પ હોય કે જૈનોનાં ઘર બિલકુલ ન હોય ત્યારે જૈનેતરોનાં ઘરની ગોચરી વાપરવી, દિવસે સતત સ્વાધ્યાય, શાસ્ત્રવાચન અને રાત્રે કલાકો સુધી પદાર્થોનું પરાવર્તન અને ચિંતન – આ સર્વથી તેઓશ્રીએ પોતાનું જીવન સંપૂર્ણપણે

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

શાસ્ત્રના રંગથી રંગી દીધું હતું. શાસ્ત્રોનું જ્ઞાન પંડિત બનવા પૂરતું કે પરના ઉપદેશ માટે કે વિતંડાવાદ માટે ન હતું, પણ સ્વયં જીવનમાં પરિણમાવવા માટે હતું. સ્વયં આરાધનામાં, સમુદાયમાં, શાસનના અને સંઘના પ્રશ્નોમાં—સર્વત્ર તેઓશ્રી શાસ્ત્રવચનને અને વડીલ ગીતાર્થોને આગળ કરતા. પોતે પણ એવા સમર્થ ગીતાર્થ હતા કે ક્યારે ઉત્સર્ગ માર્ગને અપનાવવો, કયા સંજોગોમાં અપવાદમાર્ગને અપનાવવો તે વધુ સારી રીતે જાણીને શાસ્ત્રાજ્ઞા અને પરંપરાનું સ્વસ્થાને ઔચિત્ય સમજીને સંઘને દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવને અનુસરીને યોગ્ય માર્ગદર્શન કરતા. સંઘભેદથી તેઓશ્રી વ્યથિત હતા. 'અલ્પ વ્યય અને અધિક લાભમાં પ્રવર્તતા વણિકની જેમ ગીતાર્થો મહાલાભ અને અલ્પ દોષવાળી પ્રવૃત્તિમાં પ્રવૃત્ત થાય છે.' આ છેત્ર સૂત્રનાં વચનને તેઓશ્રીએ આત્મસાત્ કર્યું હતું. વળી, '**समसद्धा किरिया पुग तिव्थस्स प्रभावगा हुंति**–એકસરખી પ્રરૂપણા અને સામાચારીવાળા જીવો તીર્થના પ્રભાવક થાય છે.' એ મહોપાધ્યાયજી યશોવિજયજી મહારાજનું વચન પણ તેઓશ્રીના હૃદયમાં સુસ્થાપિત હતું; એટલે ભારે જહેમત ઉઠાવીને સં. ૧૯૯૨થી તપગચ્છમાં થયેલ તિથિભેદને તેઓશ્રીએ અપવાદિક પટ્ટકનું આલંબન લઈને સં. ૨૦૨૦માં મહદંશે નિવાર્યો હતો. સંઘભેદ નિવારવાનું તેઓશ્રીના જીવનનું આ મહાન કાર્ય હતું. પૂજ્યશ્રીની મતિ અતિ સૂક્ષ્મ હતી. સૂક્ષ્મ પદાર્થોનું ઊંડું અવગાહન કરતા, એટલું જ નહિ, કઠણમાં કઠણ ગ્રંથોને પણ પોતાની બુદ્ધિથી ઉકેલવા પ્રયત્ન કરતા. 'અનેકાંત જયપતાકા' જેવા જટિલ ગ્રંથનું સંશોધન–સંપાદન પોતાની સૂક્ષ્મ બુદ્ધિથી સારી રીતે કરી આપવા છતાં ક્યાંય પોતાના નામ માટે આગ્રહ રાખ્યો ન હતો. 'કર્મપ્રકૃતિ' એ જૈનવાઙ્મયમાં અતિ કઠિન અને સૂક્ષ્મમતિગ્રાહ્ય ગ્રંથ હતો. છેલ્લાં થોડાં વર્ષોથી પરિશ્રમના અભાવે આ ગ્રંથનું અધ્યયન અટકી ગયું હતું. પૂજ્યશ્રીએ અથાગ મહેનત કરી, અનેક વાર ચિંતન–મનન કરી, કર્મપ્રકૃતિના પદાર્થોને ઉકેલ્યા. એટલું જ નહિ, પદાર્થોને કંઠસ્થ કર્યા અને વર્ષો સુધી કર્મગ્રંથ અને કર્મપ્રકૃતિના પદાર્થોનું રાત્રિના ચાર–ચાર, છ–છ કલાક સુધી પારાયણ કર્યું. અનેક સાધુઓને તથા શ્રાવકોને કર્મગ્રંથ, કર્મપ્રકૃતિ, પંચસંગ્રહાદિ શાસ્ત્રોનું શિક્ષણ આપ્યું. પૂજ્યશ્રીએ કર્મસિદ્ધાંત આત્મસાત્ કર્યો હતો, જેથી સકળ સંઘમાં કોઈને પણ આ કઠણ ગ્રંથનું અધ્યયન કરતાં શંકા ઉત્પન્ન થતી ત્યારે તે પૂજ્યશ્રી પાસે આવીને, તેનું સમાધાન મેળવીને, સંતુષ્ટ થતા. પૂજ્યશ્રીએ ચૂર્ણિ, ટીકાઓ સહિત કર્મપ્રકૃતિ, પંચસંગ્રહ આદિ અનેક ગ્રંથોનું સંશોધન–સંપાદન કર્યું. સાથે સાથે કર્મસિદ્ધિ, માર્ગણાદ્વાર વિવરણ, સંક્રમકરણ ભાગ ૧–૨ વગેરે નૂતન ગ્રંથોનું સર્જન પણ કર્યું. તદુપરાંત, તેઓશ્રીએ પોતાની પાછલી ઉંમરમાં દસ–બાર મુનિઓના સમૂહને કર્મસિદ્ધાંત વિષયક વિશેષ જ્ઞાન આપીને તૈયાર કર્યા અને અવગસેદિ, બંધવિધાન વગેરે લાખો શ્લોકપ્રમાણ કર્મસાહિત્યના વિશાળકાય ગ્રંથો તૈયાર કરાવી કર્મવિષયક જૈનસાહિત્યને સમૃદ્ધ બનાવ્યું. પૂજ્યશ્રીનું આ સાહિત્યસર્જન જિનશાસનમાં અમરત્વનું અધિકારી બની ચૂક્યું છે.

પૂજ્યશ્રીના વિશાળ જ્ઞાનથી જૈનેતર પંડિતો પણ આકર્ષાયા હતા. વડોદરામાં પંડિત પાસે પૂજ્યશ્રી ન્યાયનો અભ્યાસ કરતા ત્યારે વડોદરાના રાજપંડિતને પૂજ્યશ્રીનો પરિચય થયો.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

પૂજ્યશ્રીએ તેમને રાજ્યના ગ્રંથભંડારનું અવલોકન કરવા વિનતિ કરી. પૂજ્યશ્રીએ ગુરુદેવને વિનતિ કરી અને રાજ્યના ગ્રંથભંડારને વ્યવસ્થિત કરાવ્યો. પૂજ્યશ્રીના ચારિત્રથી આકર્ષિત થઈ પંડિતજીએ વડોદરાનરેશ પાસે પધારવા અને તેઓને ઉપદેશ આપવા વિનંતિ કરી. પૂજ્યશ્રીએ પોતાના ગુરુદેવ શ્રી પં. **શ્રી** દાનવિજયજી મહારાજનાં વ્યાખ્યાનોનું વડોદરાનરેશના મહેલમાં આયોજન કરાવ્યું. આ વ્યાખ્યાનોનું પુસ્તક છપાઈ રાજ્યની શાળાઓમાં પાઠ્યપુસ્તક તરીકે મુકાયું. વડોદરાનરેશ પણ ઉભય ગુરુવર્યોના સહવાસથી આનંદિત થયા. પ્રવર્તમાન સકળ સંઘમાં ઉત્કૃષ્ટ જ્ઞાનીઓમાં પૂજ્યશ્રીએ પ્રથમ પંક્તિમાં સ્થાન પ્રાપ્ત કર્યું હતું. એક જ સાધુમાં આટલાં ઉત્કૃષ્ટ વિનય–વૈયાવચ્ચ, તપ–ત્યાગ અને અજોડ વિદ્વત્તા જોતાં ખરેખર, નવાઈ લાગે ! પરંતુ અરિહંત શાસનના અને દેવગુરુના અચિંત્ય પ્રભાવ આગળ કશું જ અશક્ય નથી. શ્રાવક-સંઘના મોવડીઓ પણ અવારનવાર સંઘના પ્રશ્નોમાં પૂજ્યશ્રીનું યથાર્થ માર્ગદર્શન મેળવીને પરમ સંતોષ અનુભવતા હતા.

**નિઃસ્પૃહતા** : પૂજ્યશ્રીની નિઃસ્પૃહતાનું વર્ણન કરવું આપણી શક્તિ બહાર છે. વિશ્વના પ્રથમ પંક્તિના આ વિદ્વાન પાસે પોતાની માલિકીનું એક પણ પુસ્તક કે નોટબુક કે પેન-પેન્સિલનો ટુકડો પણ ન હતાં. તેઓશ્રીએ જે કંઈ મેળવ્યું તે જ્ઞાનભંડારોનાં જ પુસ્તકો દ્વારા. તે મેળવીને તરત જ પાછાં સુપ્રત કરી દેતા. એટલું જ નહિ, તેઓશ્રી ચાલુ ઉપયોગમાં આવતી ઉપધિથી વધારે એકાદ જોડ કપડાં, પાત્રા કે આસન પણ રાખતા નહીં. સંયમની સુવાસથી આકર્ષિત થઈ નજીક આવતાં અનેક ભવ્યાત્માઓને પ્રતિબોધ પોતે કરતા; પણ શિષ્યો તો બીજાના જ કરતા. આથી જ સાડાત્રણસો શિષ્ય–પ્રશિષ્યોના ગુરુ એવા તેઓશ્રીના સીધા શિષ્યોની સંખ્યા માત્ર ૧૬–૧૭ હતી ! શક્તિશાળી હોવા છતાં પૂજ્યશ્રી વ્યાખ્યાનની પાટ અને પદવીથી દૂર રહેતા. તેમને પૂ. ગુરુદેવે ગણિપદ, પંન્યાસપદ અને ઉપાધ્યાયપદ પર પરાણે આરૂઢ કરેલા. તેમ છતાં, આચાર્યપદ માટે તો તેઓશ્રી પૂ. ગુરુદેવને સતત નિષેધ કરી દૂર રહેતા. સં. ૧૯૯૧માં ચૈત્ર માસની ઓળી તેમના ગુરુદેવ શ્રી પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્-વિજયદાનસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં રાધનપુર મુકામે ચાલતી હતી. ચૈત્ર સુદ ૧૪નો દિવસ જ્યોતિષમાર્તંડ ગુરુદેવને શ્રેષ્ઠ હોવાનું ધ્યાનમાં આવ્યું. આ વખતે પૂ. ઉપાધ્યાયજી શ્રી પ્રેમવિજયજી મહારાજ પાટણ મુકામે ગ્લાનમુનિ શ્રી જિનવિજયજી મહારાજના ઉપચારાર્થે રોકાયેલા. પૂ. ગુરુદેવનો તાકીદે રાધનપુર પહોંચવાનો સંદેશો મળતાં જ તેઓશ્રી ઉગ્ર વિહાર કરી બીજે દિવસે સાંજે ગુરુદેવની નિશ્રામાં પહોંચી ગયા. ગુરુદેવે આચાર્યપદની વાત કરતાં પૂજ્યશ્રી ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા અને ગુરુદેવને વિનયપૂર્વક નિષેધ કરવા લાગ્યા. પરંતુ ગુરુદેવે થોડા કઠોર બની તૃતીય પદ ગ્રહણ કરવાની આજ્ઞા ફરમાવી. ગુરુદેવની આજ્ઞાનું ઉલ્લંઘન તો કોઈ પણ રીતે કેમ થઈ શકે ? છેવટે નાછૂટકે આચાર્યપદવી સ્વીકારવી પડી. અને ચૈત્ર સુદ ૧૪ને શુભ મુહૂર્તે પૂજ્યશ્રી પૂ. ગુરુદેવના શુભ હસ્તે પંચપરમેષ્ઠિના તૃતીય પદ પર આરૂઢ થયા. આચાર્યપદવી પ્રાપ્ત થતાં, બીજા જ દિવસે વિહાર કરી પેલા ગ્લાનમુનિની સંભાળ માટે પહોંચી ગયા. આહાર, ઉપધિ, શિષ્ય, વ્યાખ્યાન, પદવી, સત્કાર, સન્માન આદિ સર્વ પ્રકારની સ્પૃહાઓથી પૂજ્યશ્રી પર હતા.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

**બ્રહ્મચર્ય :** પૂજ્યશ્રી આ પડતા કાળમાં પણ અનન્ય કોટિની બ્રહ્મચર્યની વિશુદ્ધિને ધારણ કરતા હતા. તેઓશ્રીના મુખારવિંદ પર તે પવિત્રતાનું તેજ ચમકતું. આંખો પણ નિર્વિકાર હતી. કાયા અને વચન તો પવિત્ર હતાં જ, પરંતુ મનની વિશુદ્ધિ પણ એટલી જ પ્રબળ હતી. શરીરના એક રૂંવાડામાં પણ તેઓશ્રીએ ક્યારેય વિકારનો ક્ષણિક ઝબકારો ય અનુભવ્યો નહીં હોય ! આપાદમસ્તક સર્વથા પવિત્ર એવા આ પરમ બ્રહ્મસ્વામી મહાપુરુષ કલિકાલનું એક મહાન આશ્ચર્ય હતા. આ બ્રહ્મચર્યના પ્રભાવથી તેઓશ્રીના મનમાં ઊઠતાં શાસનનાં કાર્યોના સર્વ મનોરથો નિશ્ચિતપણે સફળ થતા. સંસ્કૃત-પ્રાકૃતનો અભ્યાસ દુર્લભ હતો તેવા કાળમાં પૂજ્યશ્રીને મનોરથ થયો કે સંમતિતર્ક સુધી પહોંચે એવા સાધુઓ તૈયાર કરું. ને તેઓશ્રીના મનોરથ ફળ્યા. સિદ્ધાચલ ગિરિની યાત્રા કરતાં પૂજ્યશ્રીને ભાવ થયો કે શાસનમાં ખાનદાન કુળના સુશિક્ષિત નબીરાઓનો પચીસેક સાધુઓનો નવો સમુદાય તૈયાર કરું. પૂજ્યશ્રી સિદ્ધગિરિથી તરત મુંબઈ ગયા અને પાંચ વર્ષમાં સુખી ઘરના, ભણેલા-ગણેલા પાંત્રીશ યુવાનોને દીક્ષા આપી તૈયાર કર્યા.

પૂજ્યશ્રીના અતિ ઉગ્ર બ્રહ્મચર્યનો પ્રભાવ એવો હતો કે તેમની પાસે બેસવાથી જ નહિ, પરંતુ તેમના નામસ્મરણ માત્રથી વિકારો અને વાસનાઓ શાંત પડી જવાનું અનેક સાધુઓએ અને શ્રાવકોએ અનુભવ્યું છે. પોતાના આશ્રિતોના બ્રહ્મચર્યની રક્ષા માટે તેઓશ્રી સતત સાવધાન રહેતા. અત્યંત કરુણાના સાગર એવા પૂજ્યશ્રી આ બાબતમાં અતિ કઠોર હતા. તેઓશ્રી બ્રહ્મચર્યના વિષયમાં કોઈની પણ શેહશરમ રાખતા નહીં. એંશી વર્ષની પાકટ વયે પણ આ બ્રહ્મનિધિએ સ્ત્રી કે સાધ્વી સામે દૃષ્ટિ કરીને વાત કરી નથી. તેઓશ્રીની સાથે રહેલા સાધુઓમાં પણ સ્ત્રીસંસર્ગ જોવા મળતો ન હતો. બ્રહ્મચર્યની સઘળી ય વાડોનું તેઓ ચુસ્તપણે પાલન કરતા અને સમુદાયના સાધુઓ પાસે કરાવતા. અસંયમને જરા પણ ચલાવી લેતા નહીં. અનેક પ્રકારની પ્રતિકૂળતાઓ વેઠીને પણ પૂજ્યશ્રીએ પોતાના આશ્રિતોના સંયમની રક્ષા કરી છે. સંયમરક્ષા દ્વારા શાસનરક્ષા-માટે એક વયોવૃદ્ધ આચાર્યશ્રી વિજયયશોદેવસૂરિજી સિવાય બીજા કોઈને પણ તેઓશ્રીએ સાધ્વીસમુદાય રાખવાની આજ્ઞા આપી ન હતી. ઉત્સૂત્ર, ઉન્માર્ગ અને અસંયમ સામે તેઓશ્રી જીવનભર ઝઝૂમીને ખરેખર, સાચી શાસનરક્ષા કરી ગયા.

**દીક્ષાના દાનવીર :** પૂજ્યશ્રીનાં વાત્સલ્ય, કરુણા, વિદ્વત્તા અને સંયમના ભવ્ય ગુણોથી અનેક પુણ્યાત્માઓ આકર્ષિત થયા અને તેમના સાંન્નિધ્યને સ્વીકારીને સર્વવિરતિધર્મની સુંદર આરાધના કરવા લાગ્યા. પૂજ્યશ્રીનો પ્રભાવ એવો હતો કે, જેના પર તેમની વિશેષ દૃષ્ટિ પડતી એનો લગભગ સંસારમાંથી ઉદ્ધાર થઈ જતો. પૂ. ગુરુદેવ તરફથી મળેલા સાંઈઠ સાધુના વારસાને પૂજ્યશ્રીએ પોતાના અંતિમ કાળ સુધીમાં ત્રણસો સુધી પહોંચાડી દીધો. દીક્ષા આપીને પૂજ્યશ્રી સાધુઓને ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષા આપવાનું ખૂબ જ ધ્યાન રાખતા. ખૂબ જ સારી રીતે સારણા, વારણા વગેરે દ્વારા સાધુઓના જીવનનો વિકાસ સાધતા તેઓશ્રીએ અનેક વિદ્વાન, સંયમી, વક્તા, લેખક, ત્યાગી અને તપસ્વી મુનિઓનો એક વિશાળ સમુદાય ઊભો કર્યો, જે આજે પણ શાસનના યોગ અને ક્ષેમને વહન કરી રહ્યો છે. તેઓશ્રીના

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

સમય દરમિયાન દીક્ષાવિરોધ, દેવદ્રવ્ય–દુરુપયોગ વગેરે અનેક પ્રશ્નો ઊઠતા; જેનો પ્રબળ પ્રતિકાર કરી–કરાવી પૂજ્યશ્રીએ શાસનની અને સંઘની રક્ષા કરી છે. સં. ૨૦૧૧માં મુંબઈ રાજ્યની ધારાસભામાં બાળદીક્ષાપ્રતિબંધક બિલ રજૂ થયું હતું. પૂજ્યશ્રીએ અથાગ પ્રયત્નો કર્યા; અનેક વિદ્વાનો, ડૉક્ટરો, વકીલો, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ વગેરે આજના બુદ્ધિજીવીઓ પણ પૂજ્યશ્રીના સંયમથી પ્રભાવિત થઈ દીક્ષા–પ્રતિબંધક બિલના વિરોધમાં જોડાયા. પૂજ્યશ્રીએ એ માટે એવો પ્રચંડ જનમત ઊભો કર્યો કે બિલ મૂકનાર વકીલને તેની સામે નમતું જોખવું પડ્યું. તે વખતના મુંબઈના મુખ્ય મંત્રી શ્રી મોરારજીભાઈ દેસાઈએ ધારાસભામાં પ્રજાના પ્રચંડ વિરોધને દર્શાવીને દીક્ષા–પ્રતિબંધક બિલને ઉડાવી દીધું. પૂજ્યશ્રીના સંયમબળે આ રીતે શાસન પરની મહાન આપત્તિ દૂર થઈ.

**વાત્સલ્ય** : સાગર સમા વિશાળ વાત્સલ્યભાવથી અનેક પુણ્યાત્માઓને આકર્ષી સેંકડો શ્રેષ્ઠ સાધુઓનું પૂજ્યશ્રીએ સર્જન કર્યું હતું. ગમે તેવા દોષિતને પણ વાત્સલ્યપૂર્વક હિતશિક્ષા આપીને દોષની શુદ્ધિ કરાવવાની અજબની કળાને પૂજ્યશ્રી વર્યા હતા. આ કળા દ્વારા તેઓશ્રીએ જીવનભર અનેક આત્માઓની શુદ્ધિ કરી હતી.

**તપ–ત્યાગ** : બાહ્ય ભાવોમાંથી પોતાની વૃત્તિઓને ખેંચી લઈને આંતરભાવમાં લીન બનેલા પૂજ્યશ્રીને બાહ્ય પુદ્ગલો શી રીતે આકર્ષી શકે ? પરિમિત દ્રવ્યના માત્ર દસ મિનિટના એકાશનાં તો હતાં; મિષ્ટાન્ન, મેવા ને ફળનો તો આજીવન ત્યાગ કર્યો હતો. હવે બાકી શું રહ્યું ? આમ છતાં, પૂજ્યશ્રીએ પાટણમાં અને પૂનામાં ચાતુર્માસમાં રોટલી અને દાળ નામ સાથે બે જ દ્રવ્યનાં એકાસણાં અભિગ્રહપૂર્વક કર્યાં. સેંકડો સાધુઓના શિરતાજનો આ ત્યાગ કેટલાયે મુનિઓની આંખોમાં આંસુ વહાવતો ! બે આસનથી વધુ ન રાખવાં, કંકોત્રી વગેરેમાં અતિશયોક્તિવાળાં વિશેષણો ન લખવા દેવાં, એંઠાં મોંઢે બોલાઈ જાય તો પચીસ ખમાસમણાં દેવાં, ઉભયટંક ઓઘાનું પડિલેહણ ન થાય તો બીજા દિવસે આયંબિલ કરવું...વગેરે અનેકવિધ ઘોર અને ઉગ્ર અભિગ્રહો ધારણ કરતા. ચાલુ ગોચરીમાં પણ સ્વાદ ન આવે માટે પૂજ્યશ્રી ગોચરી ચાવવાને બદલે સીધી જ ઉતારી જતા.

**સમતા** : તપ અને ત્યાગના સમ્રાટ પૂજ્યશ્રીની સહનશીલતા પણ ગજબની હતી. ફરતા વાના વ્યાધિની સખત વેદના પૂજ્યશ્રીએ ૫૦ વર્ષ સુધી આનંદપૂર્વક ભોગવી. જ્યારે આ ફરતા વાનો દુઃખાવો શરૂ થતો ત્યારે પૂજ્યશ્રી કહેતા કે, 'મિત્ર આવ્યો છે.' કર્મનિર્જરામાં સહાયક આ દુઃખાવાને પૂજ્યશ્રી મિત્ર તરીકે માનતા. દુઃખાવો ક્યારેક રાત્રિભર ઉજાગરા કરાવતો; પરંતુ આ દુઃખાવામાં રાહત માટે પૂજ્યશ્રી ગરમ પાણીના શેક સિવાય બીજા કોઈ ઔષધ–ઉપચારનો ઉપાય યોજતા નહીં. છેલ્લી સ્થિતિમાં તો જાણે કર્મસત્તા પર ભયંકર મારો ચલાવવા માટે પૂજ્યશ્રીએ સંકલ્પપૂર્વક આ નિર્દોષ ઉપચારનો પણ ત્યાગ કર્યો હતો અને જે દુઃખાવો થાય તે સહન કરી લેવાનો નિશ્ચય કર્યો હતો. ૭૮ વર્ષની વયે એક વાર પિંડવાડાથી ૧૮ માઈલનો ઉગ્ર વિહાર કરી પૂજ્યશ્રી શ્રીસંઘયાત્રાના પ્રારંભમાં રોહીડા પધાર્યા. ઉગ્ર વિહારના પરિશ્રમથી હૃદયરોગનો હુમલો આવ્યો. દોડધામ થઈ ગઈ; પણ પૂજ્યશ્રી પાર

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

ઊતર્યા. બે-ચાર દિવસ આરામ લઈ, સ્વસ્થતા મેળવી, પૂજ્યશ્રી પિંડવાડા પધાર્યા. હૃદયરોગના હુમલા પછી ડૉક્ટરે પૂજ્યશ્રીને વિહાર કરવાનો નિષેધ કર્યો. સંયમપ્રેમી સાધુવર ડૉળીના વિહારને તો સ્વીકારે જ શાના ? પણ પૂજ્યશ્રીના સંયમનો અદ્‌ભુત પ્રભાવ કે, શિષ્યપ્રશિષ્યાદિ સાધુગણે સ્ટ્રેચરમાં ઊંચકીને ગ્રામાનુગ્રામ વિહાર કરાવ્યો. ખંભાતના છેલ્લા ચાતુર્માસમાં પૂજ્યશ્રીની કાયા અનેક રોગોથી ઘેરાઈ ગઈ; પણ સમતાના બખ્તર વડે પૂજ્યશ્રીએ રોગ-પરિષહનો જબરદસ્ત સામનો કર્યો.

પૂજ્યશ્રી સદાય ચતુર્વિધ સંઘના હિતની સતત ચિંતા કરતા. તે માટે સતત પ્રયત્નો કરતા. સિદ્ધાંત અને સંયમની રક્ષા કરવા માટે રાતદિવસ ભારે પરિશ્રમ કરતા. શાસ્ત્રોના હાર્દને પામેલા આ મહાપુરુષ પાસે એવી મહાન કળા હતી કે સંઘની એકતા કે શાંતિ જોખમાય નહીં એવો રસ્તો સૌને સમજાવી, પૂજ્યશ્રી આપવાદિક આચરણા–પટ્ટક બનાવવા દ્વારા કાઢી શક્યા હતા. પૂજ્યશ્રીની શાસનપ્રભાવના પણ અવર્ણનીય હતી. સુવિહિત મુનિઓનું સર્જન કર્યું. પૂ. આ. શ્રી યશોદેવસૂરિજી, પૂ. પં. શ્રી ચંદ્રશેખરવિજયજી તથા બીજા અનેક આત્માઓની શાસન–પ્રભાવક દીક્ષાઓ તેઓશ્રી હસ્તક થઈ. પૂજ્યશ્રીની નિશ્રામાં કોલ્હાપુર, પિંડવાડા, અમદાવાદ–હઠીભાઈની વાડી, પ્રતાપનગર, સાંતાક્રુઝ (મુંબઈ), રાજકોટ વગેરે અનેક સ્થળે ભવ્ય અંજન-શલાકા-પ્રતિષ્ઠા મહોત્સવો ઊજવાયા; ઉપધાન તપો, છ'રી પાળતા સંઘો, ઉજમણાં, જિનભક્તિ મહોત્સવો વગેરે પણ ખૂબ થયાં. યુવાન પેઢીના સંસ્કારોની રક્ષા માટે પૂજ્યશ્રીએ પોતાના વિદ્વાન શિષ્યરત્ન પંન્યાસ શ્રી ભાનુવિજયજી ગણિવર્ય (હાલ આચાર્યશ્રી વિજયભુવનભાનુ-સૂરિજી) મહારાજ પાસે અનેક ધાર્મિક શિબિરો કરાવી. એને લીધે અનેક ભાવિકો સર્વવિરતિ ધર્મને પામ્યા, અનેક યુવાનો સુસંસ્કારી બન્યા. પોતાની અંતિમ અવસ્થામાં પણ શાસનને પ્રધાનતા આપી તીર્થરક્ષા માટે પૂ. શ્રી યશોદેવસૂરીશ્વરજી મહારાજને અંતરિક્ષજી તરફ મોકલ્યા. તીર્થરક્ષા વગેરે અનેક કાર્યો પૂજ્યશ્રીએ કર્યાં.

પૂજ્યશ્રીની સહનશીલતા અદ્‌ભુત હતી. છેલ્લું ચાતુર્માસ સં. ૨૦૨૩નું ખંભાત મુકામે કર્યું. આ ચાતુર્માસ તથા શેષકાળમાં રોગ પરિષહનો ભારે સામનો કર્યો. અદ્‌ભુત સમતા દ્વારા પૂજ્યશ્રીએ રોગોની ફોજનો પરાભવ કર્યો. રાગ–દ્વેષ ફાવી ન જાય તેની પૂજ્યશ્રી સતત કાળજી રાખતા. નૂતન સર્જન થતાં કર્મસાહિત્યનું સંશોધન છેલ્લી અવસ્થા સુધી ચાલુ હતું. સાથે સાથે 'ઉપમિતિ ભવપ્રપંચકથા'નું શ્રવણ કરતા, રાત્રે તેના પદાર્થો યાદ કરતા. રાત્રે અનેક પ્રકારની સજ્ઝાયો–સ્તવનો અને શાન્તસુધારસભાવનાં કાવ્ય રસપૂર્વક સાંભળતા. આ રીતે દિવસો પસાર થતા. પૂજ્યશ્રીની તબિયતના સમાચાર સાંભળતાં દૂર દૂરથી શિષ્ય–પ્રશિષ્યો આવવા લાગ્યા. સમુદાયનો મોટો ભાગ એકત્રિત થયો હતો. એક ગોઝારો દિવસ આવ્યો. તે દિવસે પૂજ્યશ્રી તો સવારથી વધુ સ્વસ્થ હતા. માંકડની વિરાધનાના ભયે મકાન બદલવાના વિચાર કરતા હતા. એવામાં સાંજે આસન બદલ્યું. આગળના હૉલમાંથી પાછળ જ્ઞાનમંદિરના હૉલમાં પધાર્યા. પ્રતિક્રમણ કર્યું. પછી રોજની પ્રણાલિ મુજબ સ્તવન–સજ્ઝાય સાંભળ્યાં. શંકા થતાં સ્થંડિલ ગયા. ત્યાંથી આવીને પાટ પર બેસતાં જ હાર્ટ–એટેક આવ્યો, ગભરામણ શરૂ થઈ.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

પૂજ્યશ્રીને સંકેત મળી ગયો. તરત જ 'ખમાવું છું' બોલીને સૌને ખમાવ્યા. સાધુઓએ સઘળું વોસિરાવડાવ્યું. પૂજ્યશ્રીએ હાથ જોડીને બધું સ્વીકારી આત્મગર્હા કરી સંથારા પોરિસીની ગાથાઓ સાંભળી અને વીર વીરની રટણા કરતાં ૧૦–૪૦ મિનિટે પરલોક સિધાવ્યા. પટ્ટધર આચાર્યશ્રી વિજયરામચંદ્રસૂરિજી અને અન્ય ઘણા શિષ્યો કાનમાં નવકાર સંભળાવતા હતા અને સ્વર્ગ તરફ પ્રયાણ કર્યું.

ભાવ-સૂર્યનો અસ્ત થયો – જૈનશાસનનો સ્તંભ તૂટી પડ્યો. સંઘ ગમગીન બન્યો. ચોતરફ સમાચાર પહોંચી ગયા. ગામેગામથી લોકો ઊભરાયા. મુનિ ભગવંતો પ્રબળ શોકમાં ગરકાવ થઈ ગયા. કોણ કોને આશ્વાસન આપે ? કોણ કોને છાનું રાખે ? સહુએ સખત આઘાત અનુભવ્યો. બીજા દિવસે સારાયે નગરમાં પાખી પાળવામાં આવી. બજારો સ્વયં બંધ રહ્યાં. પૂજ્યશ્રીની ભવ્ય પાલખી નીકળી. પોલીસોએ ભાવાંજલિ આપી. હજારોની ઉછામણીથી અંતિમ ક્રિયા થઈ. અગ્નિસંસ્કારના સ્થળે સમાધિમંદિર બનાવી સંઘે પૂજ્યશ્રીની ચરણપાદુકાને પ્રતિષ્ઠિત કરી. જગદ્ગુરુ શ્રી હીરસૂરિ મહારાજા પછી ત્રણસો સાધુઓનું સર્જન કરનાર આ મહાન શિલ્પીનાં ચરણોમાં કોટિ કોટિ વંદના !!!

### જૈનશાસનના જ્યોતિર્ધર, યુગપુરુષ, પરમ ગીતાર્થ, સિદ્ધાંતનિષ્ઠ, સુવિશાળ ગચ્છાધિપતિ, સમર્થ વ્યાખ્યાનવાચસ્પતિ પરમપૂજ્ય આચાર્યપ્રવર

## શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ

* જન્મ : વિ. સં. ૧૯૫૨ ફાગણ વદ ૪, દહેવાણ.
* વતન : પાદરા (જિ. વડોદરા).
* દીક્ષા : સં. ૧૯૬૯ પોષ વદ ૧૩, ગંધારતીર્થ.
* ગણિ–પંન્યાસપદ : સં. ૧૯૮૭ કારતક વદ ૩, ભાયખલા (મુંબઈ).
* ઉપાધ્યાયપદ : સં. ૧૯૯૧ ચૈત્ર સુદ ૧૪, રાધનપુર.
* આચાર્યપદ : સં. ૧૯૯૨ વૈશાખ સુદ ૬, મુંબઈ.
* સ્વર્ગવાસ : સં. ૨૦૪૭ અષાઢ વદ ૧૪, અમદાવાદ.
* દીક્ષાપર્યાય : ૭૭ વર્ષ અને ૬ મહિના.

સુવિશાળ ગચ્છાધિપતિ, જૈનશાસનના મહાન જ્યોતિર્ધર, યુગપુરુષ, પરમ ગીતાર્થ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ, ૭૮ વર્ષનો દીર્ઘપર્યાય પાળી, ૯૬ વર્ષની ઉંમરે, અમદાવાદમાં સં. ૨૦૪૭ના અષાઢ વદ ૧૪ (તા. ૯–૮–૧૯૯૧)ના રોજ અરિહંત પરમાત્માના ધ્યાનમાં મગ્ન બનીને સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. છેલ્લાં ત્રણ વર્ષથી



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org